જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૪/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૦૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૩૮	૩	૧૧૩૪૧	૧૭૪૫૮	૩	૧૭૪૬૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૩	૦	૭૩	૨૮૫	૦	૨૮૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૧૨૫૨	૧૫૮	૩૧૪૧૦	૩૨૬૫૦	૧૬૨	૩૨૮૧૨
કુલ		૪૭૩૬૮	૧૬૧	૪૭૫૨૯	૫૬૬૨૧	૧૬૫	૫૬૭૮૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૩	૯,૭૧,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૭૨	૭,૭૨,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૩૩૩ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૦૮/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ પુજાબહેન વા/ઓ રાજ વ્યાસ (ઉ.વ.૨૫) (રહે.સંગીની બંગ્લોઝ શાલીગ્રામ-૩ સામે થલતેજ) એ તા.૦૧/૦૪/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પુજાબહેન વ્યાસે તા.૨૧/૦૩/૨૦૨૧ ના રોજ ઈન્સ્ટ્રાગામ ઉપર બે કુર્તી મંગાવવા ઓર્ડર કરેલ અને કુર્તીઓની ડીલીવરી થતા કુર્તીઓ આપેલ સાઈઝ મુજબ ના હોય પરત કરી હતી. ત્યારબાદ કુર્તીઓના ચુકવેલ નાણા પરત લેવા માટે પુજાબહેને ગુગલમાં એક્સપ્રેસ બીજ કુરીયર કંપની સર્ચ કરતા મોબાઇલ નંબર ૮૩૪૫૯૧૪૪૯૭ મળતા જે નંબર ઉપર સંપર્ક કરતા મોબાઈલ ધારકે એક્સપ્રેસ બીજ કુરીયર કંપનીમાંથી વાત કરતા હોવાનુ જણાવી તા.૨૫/૦૩/૨૦૨૧ બપોરના ૧/૧૫ થી ૧/૪૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૩૪૫૯૧૪૪૯૭ અને ૮૩૮૯૮૪૩૮૬૩ ના ધારકે પુજાબહેનને વિશ્વાસમા લઇ ગુગલ પે એકાઉંટમા નાણા રીટર્ન આપવાનુ જણાવી બેન્કના ખાતાની માહીતી મેળવી લઈ ગુગલ પે ખોલાવી અલગ-અલગ પ્રોસેસ કરાવી પ્રોસેસ દરમ્યાન બે ઓનલાઈન ટ્રાંજેક્શનથી કુલ રૂપિયા ૪૯,૯૭૮/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

સોનાની ચેઈન ઝુંટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૦૯/૨૦૨૧**

કાગડાપીઠઃ (૧) મિત્તલબહેન વા/ઓ ડેવીડ ફ્રાન્સિસ મેકવાન (ઉ.વ.૩૭) (રહે. શ્યામ કોર્નર ફલેટ બરોડા એકસપ્રેસ હાઇવેની બાજુમાં સી.ટી.એમ.) તા.૦૧/૦૪/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે કાંકરીયા રોડ સોનીની ચાલીના નાકે મ્યુનિસિપલ બગીચા પાસે લખનઉ જલેબીની સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક દ્વિચક્રી વાહન પર આવેલ બે પુરૂષ મિત્તલબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મિત્તલબહેન મેકવાને કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

કાગડાપીઠઃ જીગ્નાશા ડો/ઓ રવજીભાઇ બથવાર (ઉ.વ.૩૩) (રહે. ફલેટ નં-૪૦૭ મુખ્યમંત્રી આવાસ યોજના સુમેલ બીઝનેશ પાર્ક-૩ની બાજુમાં કાંકરીયા રોડ રાયપુર) તા.૦૧/૦૪/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે દિવાન બલ્લભાઇ રોડ, હિરાભાઇ માર્કેટની સામે, મ્યુનિ. ડમ્પીંગ સ્ટેશન, બોરડી મીલની ચાલી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જીગ્નાશાબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીગ્નાશાબહેન બથવારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૬૧૦/૨૦૨૧</u>**

વટવા જીઆઈડીસીઃ તૃષીલ કીરીટભાઇ પટેલ (ઉ.વ.૩૧) (રહે. બ્લ્યુ આઇરીસ ફ્લેટ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૧ કલાક ૨/૧૫ વાગ્યા પહેલા વટવા જીઆઇડીસી ફેઝ-૨ એક્રોન પ્લાસ્ટીક નામની ફેકટરીની ઓફીસ ખાતે છતના હુકમાં દુપટ્ટા જેવુ કાપડ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી